# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૮/૨/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

## ભાટીયા ટોલનાકા સંદર્ભે વાહનચાલકોને પડતી મુશ્કેલીને નિવારવા ચેમ્બર રજૂઆત કરશે પણ આંદોલનને ચેમ્બરનો ટેકો નહીં

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી કેતન દેસાઇ અખબારી યાદીમાં જણાવે છે કે, ભાટીયા ટોલનાકા ઉપર સુરત અને બારડોલીના વાહનચાલકો પાસેથી ટોલટેક્સ વસૂલવામાં આવી રહયો છે. સ્થાનિક વાહનચાલકો પાસેથી વસૂલવામાં આવતા ટોલટેક્સને સંપૂર્ણપણે નાબૂદ કરવા અથવા તો ખૂબ જ નજીવા દરે ટોલટેક્સ વસૂલવામાં આવે તે માટે ચેમ્બર સંબંધિત વિભાગને યોગ્ય રજૂઆત કરશે. પરંતુ ભાટીયા ટોલનાકા સંદર્ભે શરૂ કરવામાં આવેલા બિનરાજકીય આંદોલનને ચેમ્બર પોતાનું સમર્થન આપતુ નથી કે પોતાનો ટેકો જાહેર કરતો નથી તેની અહી સ્પષ્ટતા કરે છે.

શુક્રવારે, ૭ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ સુરત જિલ્લા પંચાયતના સભ્ય દર્શન નાયક કેટલાક આગેવાનો સાથે ચેમ્બર ખાતે ભાટીયા ટોલનાકા સંદર્ભેની રજૂઆત લઇને આવ્યા હતા. તેમણે ભાટીયા ટોલનાકા ઉપર સ્થાનિક વાહનચાલકો પાસેથી વસૂલવામાં આવતા ટોલટેક્સને નાબૂદ કરવા માટે ચેમ્બર રજૂઆત કરે તેવો અનુરોધ ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇને કર્યો હતો. જેના અનુસંધાનમાં ચેમ્બરે પણ આ અંગે સંબંધિત વિભાગને રજૂઆત કરવામાં આવશે તેમ જણાવ્યુ હતુ. જો ટોલટેક્સ સંપૂર્ણપણે નાબૂદ નહી કરવામાં આવે તો નજીવા દરે ટોલટેક્સ વસૂલવા માટે કેશ માટેની બે જુદી–જુદી લાઇનની વ્યવસ્થા કરવા માટે ચેમ્બર રજૂઆત કરશે તેમ પણ સ્પષ્ટપણે જણાવ્યુ હતુ. પરંતુ આ અંગેના આંદોલનને ચેમ્બરે પોતાનો ટેકો જાહેર કર્યો ન હતો.

ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીને પડતી મુશ્કેલીને નિવારવા માટે ચેમ્બર દ્વારા હંમેશા વિવિધ સ્તરે અસરકારક રજૂઆતો કરવામાં આવે છે પરંતુ ચેમ્બર કયારેય કોઇ આંદોલનમાં જોડાતુ નથી.